On Line ગ્રાંટ ફાળવણી સંદર્ભે ગ્રાંટ
મંજૂરી હુકમો બાબત

**હિસાબ અને તિજોરી નિયામકની કચેરી**
ગુજરાત રાજ્ય, 'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
ક્રમાંક : હિતિનિ/ટીસી/ફા.૧૨૬/૪૫૬/૨૯૨૯-૨૯૫૫
તારીખ :૩૦- ૦૪ -૨૦૧૦

**<u>પરિપત્ર નંબર : ૮/૨૦૧૦</u>**

વંચાણે લીધુ:-

(૧) ગુજરાત તિજોરી નિયમો,૨૦૦૦ નાં નિયમ-૮૪.
(૨) ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧ નાં નિયમ-૧૫૩ થી ૧૫૫
(૩) ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ પુસ્તક-૧ નાં નિયમ-૧૦૦ અને ૧૦૧
(૪) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ તજર-૧૦૨૦૦૦-૩૬૫-ઝ તા.૩૦/૯/૨૦૦૦ સાથેનાં પરિશિષ્ટ-૧ નાં અ.નં.૨ તથા ૪

➢ રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૧૦-૧૧ નાં વર્ષનાં અંદાજપત્ર ની સઘળી કામગીરી On Line કરવામાં આવેલ તે સંદર્ભે IFMS હેઠળ એપ્રિલ, ૨૦૧૦ થી ગ્રાંટ ફાળવણી On Line કરવા નાણા વિભાગ નાં પરિપત્ર ક્રમાંકઃ અપબ-૧૦૨૦૧૦-૫૯૦-ક તા.૨૯/૩/૨૦૧૦ થી ઠરાવવામાં આવેલ છે.

➢ આ પ્રક્રિયા અમલી બનતા ગ્રાંટ ફાળવણીનાં અસલ સહીવાળા હુકમો મેળવવા બાબતે ઉપસ્થિત થયેલ પ્રશ્ન માટે નીચે મુજબની સુચનાઓની અમલવારી કરવા જણાવવામાં આવે છે.

- On Line ગ્રાંટ ફાળવણીનો મૂળભૂત હેતુ કાઉન્ટર ઉપર બીલ સ્વીકારતી વખતે બજેટ કલાસીફીકેશન તથા બજેટ જોગવાઈની ચકાસણી કોમ્પ્યુટર સીસ્ટમ મારફતે કરી, નાણાંકીય શિસ્ત જાળવી રાખી કામગીરીમાં ઝડપ લાવવાનો છે પરંતુ તે સાથે ઉકત વંચાણમાં લીધેલ નિયમો / ઠરાવોમાં ઉલ્લેખ કરેલ જોગવાઈઓનાં હેતુઓ પણ જાળવવાનાં રહે છે, માટે

- તાલુકા કક્ષાએ તથા પગાર અને હિસાબની કચેરીમાં IFMS શરૂ થયેલ ન હોવાથી આ કચેરીઓમાં અગાઉની પ્રથા મુજબ બીલ મંજૂર કરવાની કાર્યવાહી કરવાની રહેશે.
- તમામ Grant in aid ના Bills સંદર્ભમાં સરકારશ્રી તરફથી ફાળવવામાં આવતી તમામ On Line ગ્રાન્ટ અન્વયે અગાઉની પ્રથા મુજબ સક્ષમ અધિકારીની સહીવાળા અસલ હુકમો, તે સાથેના બિડાણ (જો હોય તો) સહિત સંબંધિત સક્ષમ અધિકારીએ મેળવી લઈ તિજોરીમાં બીલ રજૂ કરતી વખતે લાગુ પડતા દસ્તાવેજો સહિત તિજોરી – પેટા તિજોરી – ઓડીટ કક્ષાએ અથવા સંબંધિત કક્ષાએ રજૂ કરવાની પ્રથા ચાલુ રાખવાની રહેશે.
- ગુજરાત તિજોરી નિયમોની જોગવાઈ મુજબ આધારસહ આ વાઉચર્સ એ.જી. કચેરીને રજૂ કરવાનું આવશ્યક હોઈ, Grant in aid Bills સાથે આ ગ્રાન્ટ ફાળવણી / મંજૂરીના આદેશ સામેલ કરવાના રહે છે.

૨૧/૦૫
નિયામક

**નકલ સવિનય રવાનાઃ–**

નાયબ સચિવશ્રી, નાણા વિભાગ, 'ઝ' શાખા, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા સરકારશ્રીના તમામ વિભાગોને ઘટિત સૂચનાઓ પરિપત્રિત કરવા સારુ.

**નકલ રવાનાઃ–**

૧. શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ................તરફ જાણ તથા અમલ સારુ.

૨. પગાર અને હિસાબી અધિકારીશ્રી, પગાર અને હિસાબની કચેરી, અમદાવાદ / ગાંધીનગર તરફ જાણ તથા અમલ સારુ.